બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. 'તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે.' ? (૨૦/૬૨) શ્રીજીમહારાજ - મહંતના શિષ્યને.
બંગાળના એક ગામના મહંત દ્વારકાની જાત્રાએ જતાં રસ્તામાં લોજ આવ્યા. ત્યાં શ્રીજીમહારાજ ભિક્ષા આપતા હતાં ત્યાં આવ્યા અને મહારાજનાં દર્શન થતાં જ તેમને સમાધિ થઈ ગઈ. તે વખતે મહારાજ તેમના શિષ્યોને પૂછે છે.

૨. 'આ પાણીના ઘડામાં આપ પગ બોળો.' (૨૪/૭૩) રામબાઈ - શ્રીજીમહારાજને
કઠલાલ ગામની ભાગોળેથી પસાર થતાં શ્રીજીમહારાજને રામબાઈ નામની બ્રાહ્મણ બાઈએ પોતાના માથેથી બેડું ઉતારી સર્વેને ભાવથી પાણી પીવડાવ્યું અને મહારાજને વિનંતી કરતાં આ વિધાન કહે છે.

૩. આ શ્રીજીમહારાજના મુખ ઉપરથી અતિશય તેજ ઝરે છે. (૧૬/૫૧) જેઠામેર - તેમનાં પત્નીને
શ્રીજીમહારાજે જેઠામેરને કહ્યું આજથી તમારું એ વ્રત પૂરું થયું અને ઉપદેશની વાતો કરી પોઢી ગયા ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

**૧. ઉકાખાચર સભામાં મોડા આવ્યા. (૩/૧૦)** ઉકાખાચર ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને મહારાજનાં દર્શને આવતા હતા. દરબારમાં મહારાજના બેસવાના ઓટા ઉપર કૂતરાએ મળથી બગાડ્યું હતું. તેથી બધા હરિભક્ત મહારાજનાં દર્શન કરવા જતા ત્યારે એ જોઈને બોલતા કે બહુ ખોટું થયું હવે મહારાજ સભા ભરશે ત્યારે ક્યાં બિરાજશે ? પણ કોઈ સાફ કરે નહિ ઉકાખાચરે લીંબતરુ નીચે બગડેલો ઓટો જોયો. તરત જ સાવરણી અને પાણી લઈને ઓટો સાફ કરી નાખ્યો. ઘેલામાં ફરી સ્નાન કરીને મહારાજનાં દર્શને પધાર્યા. મહારાજે તેમને મોડા આવવાનું કારણ પૂછ્યું. ઉકાખાચર મૌન રહ્યા. એક ભક્તે જ્યારે આ વાત કહી ત્યારે શ્રીજીમહારાજ ખૂબ રાજી થઈને તેમને ભેટ્યા. આ કારણથી તેઓ દર્શન કરવામાં મોડા પડ્યા.

**૨. અલૈયા ખાચરનો હાથ તલવારની મૂઠ ઉપર ગયો. (૭/૧૯)** ગઢપુરમાં શ્રીજીમહારાજના સાનિધ્યમાં સભા ભરાઈને બેઠી હતી. તે વખતે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે દાદા ખાચર, સુરા ખાચર, નાજા જોગિયા, સોમલા ખાચર, અલૈયા ખાચર વગેરે હરિભક્તોમાં શ્રેષ્ઠ કોણ ? મુક્તાનંદ સ્વામીએ પોતાની સરળ પ્રકૃતિ પ્રમાણે સાહજિકતાથી દાદા ખાચર શ્રેષ્ઠ હરિભક્ત છે તેમ જણાવ્યું. માની સ્વભાવના અલૈયા ખાચરને થયું કે મારી ગણતરી શ્રેષ્ઠ હરિભક્તોમાં જ થવી જોઈતી હતી. પરંતુ બીજા નંબરમાં જરૂર થશે. પરંતુ મુક્તાનંદ સ્વામીએ બીજો નંબર સુરા ખાચરને અને ત્રીજો નંબર સોમલા ખાચરને આપ્યો. આ સાંભળતા જ અલૈયા ખાચરને માનખંડન જેવું લાગ્યું. ક્રોધથી કંપતા કંપતા એકદમ લાલચોળ થઈ ગયા. એકદમ આવેશમાં આવી ગયા અને વેગમાં ને વેગમાં જ તેમનો હાથ તલવારની મૂઠ પર ગયો.

**૩. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ હરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના કરી. (૧૨/૩૭)** એકવાર વરતાલમાં રઘુવીરજી મહારાજના આસને સભા થઈ તેમાં ગુણાતીતાનંદ સ્વામી, વિદ્વાન સંતો, બ્રહ્મચારી, હરિભક્તો બેઠા હતા. તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ પુષ્પ હતાં. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની સર્વોપરીતાના પ્રચાર અંગે મર્મ કરતાં કહ્યું : 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, કેટલાક આ ફૂલ સુધી પૂગે છે પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતું જ નથી' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ લઈ વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદજીને આપી કહ્યું : 'કેટલાક મહારાજને રામચંદ્ર જેવા સમજે છે, કેટલાક મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે પણ વૈકુંઠ-ગોલોકથી પર અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી સ્વયં શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા છે તેમ નથી સમજતા. માટે તમે મહારાજના સર્વોપરી મહિમાનો ગ્રંથ કરો.' અચિંત્યાનંદ બ્રહ્મચારીએ પ્રસન્નતાથી આપેલ પુષ્પ ગ્રહણ કરી સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્કૃત ભાષામાં અનુપમ ગ્રંથ 'શ્રીહરિલીલાકલ્પતરુ' યશકિર્તીની અપેક્ષા રાખ્યા વિના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના નામથી કર્યો. આ ગ્રંથમાં અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય લીલાચરિત્રોનું ગાન કર્યું છે. લીલાચરિત્રોમાંથી મુમુક્ષુજનને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો યથાર્થ ઉપદેશ મળી રહે છે. મહારાજનું સર્વોપરીપણું લખવામાં કવિ જરા પણ અચકાયા નથી. સાથે સાથે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે વાત પણ કરી છે.

**૪. રાજાભાઈએ ઘરનો ત્યાગ કર્યો. (૧૯/૬૦)** રાજાભાઈને નિયમ હતો કે જ્યારે પણ સંતો ગામમાં પધારે ત્યારે પહેલું સીધું પોતાના ઘરેથી આપવું. એક વખત તેઓ બહાર ગામ ગયા હતા. અને સંતો આવ્યા તો તેમના માટે રાજાભાઈના પત્નીએ રસોઈનો સામાન આપ્યો નહિ. આ વાતની જાણ થતાં રાજાભાઈને વિચાર આવ્યો કે આપણે મહેનત કરી દેહ ઘસી નાખી સ્ત્રીની

ઈચ્છાઓ પૂરી કરીએ છીએ અને તેની જરા પણ ગણતરી નહિ. આપણી મરજી જો તેને સાચવવી ન હોય તો આપણે સંસારમાં રહેવું નકામું છે અને રાજાભાઈએ યુક્તિપુર્વક ઘરનો ત્યાગ કરી મહારાજના ચરણે રૂપિયાની કોથળી મૂકી સર્વે વાત કરી.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**૧. કૃપાનંદ સ્વામી (૧૭/૫૨)** પૂર્વ દેશમાં કનોજના બે બ્રાહ્મણ મુમુક્ષુઓ વાત કરી રહ્યા હતા. એકે કહ્યું, 'આ દેહે કરીને મારે તો ભગવાન ભજી લેવા છે.' બીજાએ કહ્યું, 'મારે પણ સંસારમાં રહેવું નથી, આ જન્મમાં હવે પંચવિષય ભોગવવા નથી.' ભગવાન ભજવાની તીવ્ર ઈચ્છાવાળા તેઓ બંને જગન્નાથપુરી ગયા. સેવા કરવાથી ભગવાન જરૂર દર્શન દેશે એવી ઈચ્છાથી કેટલાંક વરસો સુધી મંદિરની સેવા પૂજામાં પોતાનું જીવન વીતાવવા લાગ્યા. જગન્નાથપુરીમાં વર્ણીરૂપે મહારાજ પાસે સેવા કરાવવા જતા વૈરાગીઓને એકબીજા સાથે કલેશ થયો અને યુદ્ધ થયું તેમાં ઘણા બાવાઓ મરણને શરણ થયા. વર્ણી તો આગળ ચાલી નીકળ્યા પરંતુ ખપવાળા આ બે બ્રાહ્મણો પણ વૈરાગીઓમાં પરસ્પર કલેશ જોઈ ઉદાસ થઈ ચાલી નીકળ્યા. તેઓ દ્વારકા જતાં ભુજ આવ્યા. ત્યાં મહારાજ ભગવાનજીભાઈને ઘરે સદાવ્રત આપતા હતા. જગન્નાથપુરીમાં જે વર્ણીને જોયા હતા તે જ મનોહર મૂર્તિ મહારાજ ને જોતાં તેમને અપાર શાંતિ થઈ ગઈ. તેમણે મહારાજને વિનંતી કરી કે 'અમારે હવે દ્વારકા જવું નથી ને તમારી સેવામાં રહેવું છે માટે અમને દીક્ષા આપો.' ત્યારે મહારાજે કહ્યું, 'તમે શું સમજીને રહેશો?' તેઓ બોલ્યા, 'તમે ભગવાન છો અને અડસઠ તીરથ તમારાં ચરણોમાં જ છે. જગન્નાથપૂરીમાં અમે તમને ઓળખી શક્યા નહિ પરંતુ કલ્યાણ તમારી પાસે જ છે. એવી અમને પ્રતીતિ થઈ છે.' મહારાજે રાજી થઈને દીક્ષા આપી તેમાંના એકનું નામ તે કૃપાનંદ સ્વામી. કૃપાનંદ સ્વામીને શ્રીજીમહારાજ પ્રત્યે એવું અસાધારણ હેત હતું કે જ્યારે છૂટા પડવાનો પ્રસંગ આવે ત્યારે મહારાજના વિરહથી રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા. એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'તમને છૂટા પડતાં આવું દુઃખ થાય છે તો નાજા જોગિયા પાસે કહેવરાવો કે મહારાજ તમને પાસે રાખે.' કૃપાનંદ સ્વામી તરત બોલ્યા કે 'હું મહારાજને અંતર્યામી છે તેમ માનું છું.' આવી ઉચ્ચ સમજણની સ્થિતિવાળા તેઓ હતા. તેમનો મત એવો હતો કે જ્ઞાની થવું પણ પ્રેમી ન થવું. કારણ જ્ઞાન વિનાનો પ્રેમ અનેક વિઘ્ન કરાવે. તેઓએ નિર્ણય કરી રાખ્યો હતો કે ગળામાં ઊની કોશ ઘાલે અને જેવું દુઃખ થાય તેવું દુઃખ મહારાજની આજ્ઞા લોપવાથી થવું જોઈએ.' તેમને પંચવિષયમાં અતિશય અરુચિ હતી. દેહનો સંપૂર્ણ અનાદર હતો તેથી લોકના કોઈ જ પદાર્થ તેમને બંધન કરી શકતા નહિ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'બીજાને તો પદાર્થે કરીને રાજી કરાય પરંતુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી કોઈ રીતે પદાર્થથી રાજી ન થાય. તેમની આગળ તો દીન થઈએ તો જ જિતાય.' ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીનાં મંડળમાં ઘણું રહ્યા હતા તેથી તેમના માટે આવો ઉચ્ચ અભિપ્રાય તેઓને હતો. કૃપાનંદ સ્વામીએ સહેજે જ નિયમ ધર્મની દૃઢતા કરેલી. એકવાર કૃપાનંદ સ્વામીને સર્પ કરડી ગયો ત્યારે તેમણે દવા કરાવવાને બદલે સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરવાનું કહ્યું. ભજનથી તેમને સર્પનું ઝેર ઊતરી ગયું. કૃપાનંદ સ્વામી સમાધિ વિના પણ સ્મૃતિથી, ધ્યાનથી, જ્ઞાનથી મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા. આવા ઉચ્ચ સ્થિતિવાળા સંતનો સમાગમ કરીએ તો મહારાજનો હૃદયગત અભિપ્રાય જાણી શકાય.

**૨. ડોસાભાઈ (૨૮/૮૪)** એકવાર બંધિયાના જૈન વાણિયા જાન લઈને ગઢડા આવ્યા હતા ત્યાં તેઓ મહારાજનાં દર્શને આવે છે. મહારાજે ડોસાભાઈના ખબર અંતર પૂછતાં વાણિયાઓએ કહ્યું, 'અમે તો ગળાસુધી સંસારમાં ડૂબેલા છીએ પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર વહેવારમાં ડૂબ્યા છે ને ભગવાન ભજવા નવરા જ થતા નથી.' મહારાજે તેમને કહ્યું કે 'જો ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ?' વાણિયાઓએ વિચાર કર્યો કે ડોસાભાઈએ તો ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે તેથી વેપારનો સારો લાભ છોડી સાધુ થાય તેમ લાગતું નથી આથી તેમણે મહારાજને કહ્યું, 'ડોસાભાઈ સાધુ થાય તો અમે જરૂરથી સ્વામિનારાયણની કંઠી પહેરીશું.' મહારાજે તેમને લગ્નકાર્ય પતાવીને વળતા મળીને જવાનું કહ્યું. વાણિયાઓ જતાં જ મહારાજે ભગુજીને ભગવાં વસ્ત્રો અને ચિઠ્ઠી આપી બંધિયા જવા કહ્યું. ડોસાભાઈને ચિઠ્ઠીમાં લખ્યા મુજબ ભગવાં વસ્ત્રો ધારણ કરી તરત ગઢડા આવવાનું કહ્યું, ડોસાભાઈ ગોળનાં ગાડાં જોખતા હતા. સવારના અગિયાર થયા હતા છતાં દાતણ કરવા પણ નવરા થયા ન હતા. અચાનક ભગુજીને આવેલા જોઈ ગોળ જોખવાનો પડતો મૂકી દંડવત્ કર્યા અને મહારાજની શી આજ્ઞા છે ? તેમ પૂછયું, ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો ધારણ કરી લીધાં અને ઘેર સંદેશો પણ કહેવરાવ્યો નહિ કે દુકાનની પણ કોઈને ભલામણ કર્યા વગર તરત ભગુજી સાથે ચાલી નીકળ્યા ને ગઢડે આવી મહારાજનાં દર્શન કર્યાં. બંધિયાના વાણિયા લગ્ન પતાવી ગઢડા આવ્યા ત્યારે સંતમંડળમાં બેઠેલા ડોસાભાઈને બતાવીને કહ્યું, 'આમને ઓળખો છો ?' વાણિયા અચંબો પામી કહેવા લાગ્યા, 'મહારાજ ડોસાભાઈ તમારા ખરેખરા ભક્તરાજ છે. મહા વૈરાગ્યવાન છે. અમે સંસારી જીવ છીએ તેથી ડોસાભાઈને અમારી જેમ સંસારમાં આસક્ત જોતા હતા.' મહારાજે ડોસાભાઈને તેમના વસ્ત્રો પાછા આપી ઘરે જવાની આજ્ઞા કરીને કહ્યું 'ડોશીમા જીવે ત્યાં સુધી સેવા કરજો. તમે ગૃહસ્થ છતાં અખંડ સાધુ જ છો. તમને સંસાર બાધ કરી શકે તેમ નથી.' આવા માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળા ડોસાભાઈએ મહારાજની આજ્ઞા હંમેશા અધ્ધર ઝીલી છે. તેમાં લેશ માત્ર ફેર પડવા દીધો નથી. ડોસાભાઈ જેવો મહારાજના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય સૌએ કરવાનો છે.

**૩. ઉપાસના (૨૩/૬૮)** શ્રીજીમહારાજે કહ્યું છે ઉપાસના વગર કોઈ વાતની સિધ્ધી થતી નથી. ગુણાતીતાનંદ સ્વામી આજ્ઞામાં ફેર પડશે તો તે પ્રાયશ્ચિત કરીને શુધ્ધ - ઉપાસનામાં ફેર - ખામી ભાંગશે નહિ - ચોખ્ખી ઉપાસના સમજવી - ઉપ + આસન -

ભગવાનની સમીપમાં રહેવું - ઉપાસનાથી બ્રહ્મરૂપ - મહારાજની સેવા - અંતિમ મુક્તિ - ઉપાસના - બ્રહ્મ - પરબ્રહ્મના સ્વરૂપો - સદા સાકાર પ્રગટ દિવ્ય નિશ્ચય કરવો - એકાંતિક ભક્તિ કરવી - અક્ષરની ઉપાસના અક્ષરરૂપ થવા - અક્ષરરૂપ થયા પછી - પુરુષોત્તમની ભક્તિનો અધિકાર. શ્રીજીમહારાજ સર્વોપરી - જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો, અક્ષરબ્રહ્મથી પર - અનંતકોટી બ્રહ્માંડમાં પોતાની ઇચ્છાથી જેવું રૂપ પ્રકાશવું જોઈએ ત્યાં તેવા રૂપે પ્રકાશી - મુમુક્ષોને સુખ - અનંતકોટી મુક્તો - અક્ષર - ચરણકમળની સેવામાં - કર્તુ-અકર્તુ, અન્યથા કર્તુ શક્તિ ધરાવે છે. સર્વના કર્મ ફળપ્રદાતા - તેમની ઇચ્છાથી બ્રહ્માંડોની ઉત્પતિ, સ્થિતિ, પ્રલય - સૂકું પાંદડું હલતું નથી - તેમની મૂર્તિ વિષે સાકરના નાળિયેરની પેઠે ત્યાગભાગ સમજાવો નહિ - (પ્ર.૭૧) ભગવાન પુરુષોત્તમ નારાયણ જીવના કલ્યાણને અર્થે અવતાર ધારણ - ત્યારે પોતાનું અક્ષરધામ - ચૈતન્ય મુર્તિ એવા જે પાર્ષદ તથા પોતાના સમગ્ર ઐશ્વર્ય સહિત પધારે - પરબ્રહ્મ એક અદ્વિતિય - અક્ષરબ્રહ્મ એક અદ્વિતિય - તેમના સંબંધમાં જે કોઈ આવે તેને નિર્ગુણ - ત્રણ ગુણથી પર ગુણાતીત. - અનાદિ અક્ષરબ્રહ્મ - બે સ્વરૂપે કાર્ય - એક સ્વરૂપ નિરાકાર એકરસ ચૈતન્ય - ચિદાકાશ બ્રહ્મમહોલ - અક્ષરધામ રૂપે આ ચિદાકાશની સંકોચ વિકાસ અવસ્થા નથી. - સદા એકરૂપ - બીજે રૂપે મૂર્તિમાન અખંડ પુરુષોત્તમ નારાયણની સેવામાં - મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ભગવાનના ઉત્તમ ભક્ત - અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે સ્વામી સેવકભાવે પૃથક સંબંધ - બ્રહ્મ શરીર અને પુરુષોત્તમ શરીરી - ધામરૂપ અક્ષર અમાપ, વિશાળ, સર્વવ્યાપક - અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે ઉડતા ફરે છે આ અક્ષરનું સગુણ સ્વરૂપ - અક્ષરબ્રહ્મની સાથે પુરુષોત્તમની ઉપાસના આ જન્મે આત્યંતિક મુક્તિ - ભગવાનને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમ કરીને સરખી સેવા - સો જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય (વર.- ૫) - ભમરી સંગે ઈયળ ભમરી થાય (કારિ.૧) - અક્ષરબ્રહ્મના સંબંધની જીવ બ્રહ્મરૂપ - આત્યાંતિક મુક્તિ - મોક્ષ - આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યા પછી શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે એ હેતુથી ગુણાતીત સંત દ્વારા સદા પ્રગટ છે. વચનામૃત પંચાળા-૭ પ્રમાણે આ પૃથ્વી પરથી ભગવાન કદી અંતર્ધાન થયા જ નથી. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ હતા. ત્યાર બાદ ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા પ્રગટ છે. આ પ્રમાણે શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત દ્વારા પૃથ્વી ઉપર સદાને માટે પ્રગટ રહ્યા છે, મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરી તેમને સુખ આપી પોતાના ધામને પમાડી રહ્યા છે. અંતમાં, આપણી ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ (પરબ્રહ્મ), ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ. અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીજીમહારાજ સદા પ્રગટ રહી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરે છે. એ મોક્ષનું દ્વાર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ આજે મોક્ષનું દ્વાર છે.

**૪. કલ્યાણ (૩૧/૯૦)** કલ્યાણ એટલે મોક્ષ અથવા મુક્તિ. મોક્ષ એટલે મોહનો ક્ષય. પરમ એકાંતિક સંતના સેવા-સમાગમથી અનાદિ અજ્ઞાન અને કર્મ બંધનમાંથી મુક્ત થઈ બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની સેવાના અધિકારી થવું તેનું નામ મુક્તિ અથવા કલ્યાણ. મુક્તિ એટલે પરમપદ અથવા ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ થવી. શ્રીજીમહારાજે પંચાળાના-૧લા વચનામૃતમાં ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે તેમ કહ્યું છે. સારંગ. ૧૧માં પણ દેવલોકને ભગવાનના અક્ષરધામની આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યો છે. કારણ દેવલોકમાં ભોગસુખ છે. તે અક્ષરધામનાં દિવ્યસુખ આગળ નરક તુલ્ય છે. દેવલોકમાં જન્મ મરણનો ચકરાવો રહે છે જ્યારે અક્ષરધામમાંથી પૃથ્વી પર પાછું આવવાનું રહેતું નથી અને ભગવાનના અપાર સુખ અને સેવાની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં કલ્યાણ અનંત પ્રકારનું કહ્યું છે. પરંતુ આત્યાંતિક કલ્યાણ એ છે કે અક્ષરધામની પ્રાપ્તિ અને પુરુષોત્તમની અખંડ સેવા ને જન્મ મરણથી છુટકારો. આવું આત્યંતિક કલ્યાણ એ પરમ એકાંતિક સત્પુરુષ એટલે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સંગ થકી જ થાય છે. તેમના સંગે કરીને પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થાય અને બ્રહ્મરૂપ થાય ત્યારે આત્યંતિક કલ્યાણ થાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ ચાર ગુણ પરમ એકાંતિક સંતનો સંગ કરીને સિદ્ધ થાય ત્યારે જ આત્યાંતિક કલ્યાણ થાય. વર્તમાન કાળે એવા પરમ એકાંતિક સંત પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ છે તેમના સંગે કરીને જ આપણું આત્યંતિક કલ્યાણ થાય છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે સ્વયંપ્રકાશાનંદ સ્વામીની વચનામૃતમાં શું પ્રશંસા કરી છે ? (૨૦/૬૨)

જ. સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું 'નિશ્ચય તથા માહાત્મ્ય' એ અંગ છે એમ કહી પ્રશંસા કરી છે.

૨. સત્સંગિજીવનમાંથી શાસ્ત્રીજી મહારાજ ભક્તિમાર્ગને પુષ્ટ કરવા કયાં બે આખ્યાનો કહેતા ? (૧૨/૩૬)

જ. સત્સંગિજીવનમાંથી શાસ્ત્રીજી મહારાજ ભક્તિમાર્ગને પુષ્ટ કરવા માટે ધરમપુરના કુશળકુંવરબા અને સુરતના ભાલચંદ્ર શેઠનું આખ્યાન કહેતા.

૩. ત્યાગીને ક્યારે દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે ? (૫/૧૪)

જ. જો ત્યાગી થઈને કોડી જેટલું પણ દ્રવ્ય પોતાનું કરી રાખે અથવા રખાવે તો તેને દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે.

૪. આફ્રિકામાં સત્સંગ પ્રવર્તાવનારા મુખ્ય બે હરિભક્તોના નામ આપો. (૩૩/૯૫)

જ. આફ્રિકામાં સત્સંગ પ્રવર્તાવનારા મુખ્ય બે હરિભક્તોના નામ : મગનભાઈ અને હરમાનભાઈ.

૫. તીર્થના ત્રણ પ્રકાર જણાવો. (૮/૨૩)

જ. તીર્થના ત્રણ પ્રકાર : નિત્ય તીર્થ, ભગવદીય તીર્થ, સંત તીર્થ.

૬. શ્રીજીમહારાજે સોમલા ખાચરની શી પ્રશંસા કરી છે ? (૧૦/૨૯)

જ. અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલાખાચર આદિક જે હરિજન છે તે કેટલાંક વર્ષથી અમારી પાસે રહે છે તે યથાર્થ જાણે છે. ગ.અં. ૨૪માં સોમલા ખાચરની એક રહેણી-કરણીના અંગની પણ મહારાજે પ્રશંસા કરી છે.

**પ્ર.૫ ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું (૧૮/૫૭) વચનામૃતનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ :-** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત જે ધર્મ તેને એકાંતિક ધર્મ કહે છે અથવા ભાગવતધર્મ પણ કહે છે. આવો જે ભાગવતધર્મ તે હંમેશા પૃથ્વી પર ભગવાનને આશરીને રહેલો હોય છે. જ્યારે યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી ધર્મ કોને શરણે રહ્યો ? શ્રીમદ્‌ભાગવતમાં આ સંવાદ ચાલી રહ્યો છે તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછયો કે આ ભાગવત ધર્મનું પોષણ કેમ થાય છે ? અર્થાત્ ભાગવત ધર્મ તે પૃથ્વી પર અખંડ કેવી રીતે પ્રગટ રહે ? અને બીજો પ્રશ્ન પૂછયો કે ‘જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?’ ત્યારે શ્રીજીમહારાજે જવાબ આપતાં કહ્યું કે ‘સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા પરમ એકાંતિક સંત તેને આશરીને ભાગવતધર્મ રહે છે. માટે એવા સાધુના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. સાક્ષાત્ ભગવાનના સંગથી અથવા તદ્‌વદ્‌ભાવને પામેલા આવા ભક્ત-પરમ એકાંતિક સંતના પ્રસંગ થકી જ ભાગવતધર્મ મુમુક્ષુ જીવો પામી શકે - બીજો કોઈ ઉપાય નથી. આ ભાગવત ધર્મને પામવો અર્થાત્ સિદ્ધ કરવો એ મોક્ષનું દ્વાર ઉઘાડું કર્યા બરોબર છે. આવા ભાગવતધર્મના અધિકારી નિર્મત્સર સંતના પ્રસંગ થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. આખું ભાગવત જેને કંઠસ્થ હતું એવા દીનાનાથ ભટ્ટને ‘મોક્ષનો શ્લોક કયો ?’ એ પ્રશ્ન શ્રીજીમહારાજે પૂછયો. તેઓ કહી શક્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજે તેમને ‘પ્રસંગમજરમ્...’ આ શ્લોક કહી બતાવ્યો. પ્રસંગ એટલે શું ? જેવો આ જીવને પોતાના દેહની સાથે તથા સગાંસંબંધી સાથે સ્નેહ છે તેવો પ્રસંગ અર્થાત્ આત્મબુદ્ધિ આવા પરમ એકાંતિક સંત સાથે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. કારણ સાચા સંત હોય તે ભગવાનમાં જ જોડે છે. પણ કદાપિ પોતામાં જોડતા નથી. બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે જણાવ્યું કે જેને પરમેશ્વરના વચનની ખટક છે અર્થાત્ આજ્ઞા પાળવાનો ઈશક છે તે કદાપિ ધર્મમાંથી પડે નહિ તેમ જાણવું પણ આજ્ઞા પાળવામાં દૃઢતા નથી તો તેનો ધર્મ પણ દૃઢ નહિ રહે તથા સત્સંગ પણ દૃઢ નહિ રહે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય : અદ્‌ભૂતાનંદ સ્વામી (૧૧)  જવાબ : ૧, ૪, ૭, ૮, ૧૦**

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- કિર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જયારે;
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે. (૬/૧૬)

૨. સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદી અભાવ ન આવે; દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદી તમને ન ભૂલીએ હરિ.
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ; તમને ભજતાં આડું જે પડે, માગીએ એ અમને ન નડે. (૨૬/૭૭)

૩. આવો મારા મોહન મીઠડા લાલ કે જોઉં તારી મૂરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયા રાજ વિસારું નહિ ઉરથી રે લોલ
મન મારું મોહ્યું મોહનલાલ પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ. (૨૧/૬૩)

૪. વહાલા તારી જમણી ભુજાને પાસ રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચે તિલ એક અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિણ ગુણ હાર જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમી જન જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. (૨૧/૬૪)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ/અષ્ટક/શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ૐ શ્રીમહાવ્રતાય નમઃ, ૐ શ્રીસાધુશીલાય નમઃ, ૐ શ્રીસાધુવિપ્રપ્રપૂજકાય નમઃ, ૐ શ્રીઅહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ, ૐ શ્રીસાકારબ્રહ્મવર્ણનાય નમઃ, ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ, ૐ શ્રીસ્વામિને નમઃ, ૐ શ્રીકાલદોષનિવારકાય નમઃ (૧૫/૪૮)

૨. सद्ग्रन्थ-नित्यपठन -श्रवणादिसत्त्वं ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजाल - पतिताखिल - जीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥ (૯/૨૭)

૩. ગુજરાતી ભાષાતંર - તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે

સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતાવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. (૩૨/૯૨)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''અમારે કરોડો જીવનાં કલ્યાણ કરવાં છે.'' (૪/૯) મહારાજ - વશરામભાઈને
કીડીઓ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં ગઈ. તે વાત ઘરે આવીને તેમણે મહારાજને કહી ત્યારે.

૨. ''આ ફૂલ સૂંઘો, તેમાં તીર્થમાત્ર આવી ગયાં.'' (૩૩/૫૯)
સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - વાસુદેવચરણદાસ સ્વામીને (ધોળેરાના મહંતને)
વ્યાવહારિક કારણસર તેઓને થયેલી અશાંતિ ટાળવા જૂનાગઢ ગયા હતા. તેમના મંડળના સંતો પંચતીર્થીની યાત્રા કરવા ગયા ત્યારે સ્વામીએ તેમને ચંપાનું ફૂલ આપીને કહ્યું.

૩. ''અહો સાધુરામ ! રોજ આટલી ભૂખ વેઠો છો ?'' (૧૬/૩૧)
રામદાસ સ્વામી - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામી) કહે છે.
માંદા સંતો માટે આવેલા મઠ ઘણા વધ્યા હતા. તે મંડળના બીજા સાધુઓને વહેંચ્યા પછી પણ શેર મઠ વધ્યા. અપરિગ્રહ વ્રતના કારણે તે મઠનો સંગ્રહ ન થાય તેથી રામદાસ સ્વામીની ઇચ્છાથી સ્વામી મઠ જમી ગયા ત્યારે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

**૧. કરસન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. (૨૭/૪૭)** સોરઠ પ્રદેશમાં વરસાદની અછત થવાથી એક વર્ષ મોળું આવ્યું. સોરઠ દેશના હરિભક્તોને સ્વામી પ્રત્યે અને સત્સંગ પ્રત્યે અપાર પ્રેમ હતો. આવું મોળું વર્ષ આવવાથી હામાપરના કરસન બાંભણિયાને ચિંતા થઈ. પોતાના ઘરમાં જેટલાં ઘરેણાં હતાં તે તમામ ભરીને જૂનાગઢ આવ્યા અને સ્વામીનાં ચરણોમાં ડાબલો મૂકી દીધો. અને કહ્યું : 'સ્વામી ! આ વર્ષ જરા નબળું છે તેથી સાધુ દેશમાં ફરવા જઈ શકશે નહિ. અને હરિભક્તોને પણ ઉપજ નહિ થવાથી ધર્માદો આપી નહિ શકે. માટે આ ડાબલો લો અને આમાંથી સાધુઓને જમાડજો.' તેમનો આવો ભક્તિભાવ જોઈ સ્વામી ઘણા રાજી થયા. પણ કરસનભાઈને સમજાવ્યું કે મંદિરમાં મહારાજને પ્રતાપે કોઈ જ મુશ્કેલી નથી. માટે તમે આનો ઉપયોગ કરો. આ સાંભળી કરસનભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમને થયું સ્વામીએ મારી સેવા ન લીધી. તેમણે ફરી સ્વામીને ડાબલો લઈ લેવા વિનંતી કરી. સ્વામીએ ડાબલો લઈ અનામત રાખ્યો અને બીજું સારું વર્ષ આવતા તેમને ઘણું કહીને તે પાછો આપ્યો.

**૨. તરણેતરના મહંત અતિ આશ્ચર્ય પામ્યા. (૪૩/૬૮)** એક વખત સ્વામી મંદિરમાં વાસીદું વાળતા હતા. તે વખતે તરણેતરના મહંત આવ્યા અને વાસીદું વાળતા સ્વામીને પૂછ્યું કે 'આ જગ્યાના મહંત કોણ છે ?' સ્વામીએ નમ્રતાથી કહ્યું કે 'મહંત અંદર ગાદી પર બેઠા હશે.' એમ કહી સ્વામી હાથ-પગ ધોઈ સભામંડપમાં પધાર્યા અને તેમને મળ્યા ત્યારે તેમણે નવાઈ પામતાં પૂછ્યું કે 'તમે તો હમણાં વાસીદું વાળતા હતા. તે તમે મહંત છો ? સ્વામીએ હસતાં હસતાં કહ્યું કે 'અમારે ત્યાં જે સેવા કરે તે જ મહંત હોય છે.' પછી પોતાની ઝોળી ખીંટીએથી ઉતારી તે મહંતને બતાવી. સ્વામીની પૂજામાં તિલકિયું પણ લાકડાનું. ધાતુ તથા અન્ય પદાર્થનું નામ નહિ અને પહેરવાનાં કપડાં પણ જાડાં. આવા નિઃસ્પૃહી સંત જોઈ તરણેતરના મહંત અતિ આશ્ચર્ય પામ્યા. પછી સ્વામીએ કહ્યું, 'અમારે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.

**૩. શ્રીજીમહારાજ ગુણાતીતીનંદ સ્વામીના જામીન થયા. (૨૩/૪૧)** સંવત ૧૮૮૩માં પ્રબોધિની ઉત્સવ પછી બધા પરમહંસોને અક્ષર ઓરડીમાં બોલાવી સભા કરી. તે વખતે બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢથી આવેલા. ગુણાતીતાનંદ સ્વામી કોઈ કારણસર પાછળ રહી ગયેલા. મહારાજે સૌ પરમહંસોને પંચ વર્તમાન પાળવામાં ફેર પડે નહિ તે માટે અંદરોઅંદર એકબીજાના જામીન થવા કહ્યું. જેને જેની સાથે મેળ હોય તે અરસપરસ જામીન થયા. તે જ વખતે ગુણાતીતાનંદ સ્વામી આવે છે. તેમને જોઈને બ્રહ્માનંદ સ્વામી કહે છે, ''અહીં બેઠેલ સૌ એકબીજાના જામીન થયા છે. હવે કોઈ બાકી નથી માટે તેમના જામીન કોણ થશે ?'' ત્યારે મહારાજે કહ્યું, ''સ્વામી, એમના તો અમે નિરંતરના જામીન છીએ.'' આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌને લાગ્યું કે સ્વામી પર મહારાજનો અનહદ રાજીપો છે. અનન્ય હેત અને એકાત્મભાવ છે.

**૪. અમદાવાદના પીતાંબરદાસ સાધુ વિજ્ઞાનદાસજી બન્યા. (૪૭/૭૬)** મૂળ અમદાવાદના પણ સુરતમાં કલેકટરની ઓફિસમાં પીતાંબરદાસ નોકરી કરતા હતા. તેઓ સ્વભાવે રંગીલા અને રજોગુણી હતા. સ્વામીની વાતો સાંભળીને તેમને નિર્વાસનિક બની બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા બળવાન થવાથી સ્વામીને વાત કરી. સ્વામીએ તેઓને કહ્યું, 'તમારો આ વેશ્યા જેવો વેશ અને રજોગુણની મૂર્તિ છો તો અમારો સમાગમ કેવી રીતે કરશો ? પણ બહુ વિનંતીને અંતે તેઓને જૂનાગઢ આવવાનું સ્વામીએ કહ્યું. તેઓ નોકરી છોડી જૂનાગઢ ગયા. સ્વામીના મુખે વચનામૃતની અદ્‌ભૂત વાતો સાંભળી. વળી સ્વામીના હેતે પીતાંબરદાસની વૃત્તિ સ્વામીમાં ચોંટી જવાથી તેઓમાં પરિવર્તન થવા લાગ્યું. સ્વામીએ તેમને બ્રહ્મસ્થિતિનો અનુભવ કરાવ્યો. સ્વામીના ધામમાં ગયા પછી તેઓ અમદાવાદ મંદિરમાં ગુણાતીતજ્ઞાનની સુંદર વાતો કરતા. તેથી પ્રસન્ન થઈ અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમને દીક્ષા

આપી સાધુ બનાવ્યા. તેઓ વિજ્ઞાનદાસજી તરીકે ઓળખાતા.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**૧. વેદાંતીઓનો પરાજય (૧૮/૩૩)** મહેમદાવાદના હરિભક્તોની મહારાજને પ્રાર્થના - ગામમાં વેદાંતીઓનું જોર - સત્સંગીઓને વેદાંતીઓ પાછા પાડે - કોઈ વિદ્વાન સંત આવે તો સત્સંગ વધે - મહારાજની વિદ્વાન સંતોને પૃચ્છા - કોઈ તૈયાર નહિ - છેવટે સ્વામીને આજ્ઞા - શુષ્ક વેદાંતીઓ મિથ્યાભિમાનમાં રાચતા સ્વામીને માત કરવા સભામાં - મોટી સભા - સ્વામીએ કહ્યું અહં બ્રહ્માસ્મિ કહો છો પણ બ્રહ્મ કે પરબ્રહ્મને ઓળખ્યા છે ? શુકજીમાં બ્રહ્મની વ્યાપક શક્તિ - વ્યાસજીએ બોલાવ્યા તો વૃક્ષમાં રહીને જવાબ - હજી તમારામાં સંસારના, પંચ વિષયમાં લોલુપતા, અહંભાવ છે, અહં મમત્ત્વ છે, સ્વાદ છે. આ બધા ભાવો જશે તો અહં બ્રહ્માસ્મિ કહેવું નહિ પડે - જગત એની મેળે જાણશે. - દંભ છોડીને બ્રહ્મ થવું હોય તો હું તમને પરબ્રહ્મ મેળવી આપું - સ્વામિનારાયણ પરબ્રહ્મ, પરમાત્મા - તેમનો આશ્રય લીધા વિના બ્રહ્મભાવ પમાશે નહિ - હું અનાદિ બ્રહ્મ છું - અનંતકોટિ બ્રહ્માંડોને ધારી રહ્યો છું - સ્વામીના શરીરમાંથી અતિશય તેજ - બધા ડરી ગયા - સ્વામી બેઠા હતા તે મકાનમાં ચેતન આવ્યું ને હલવા લાગ્યું - પંડિતો મકાન પડશે તેમ બીવા લાગ્યા - સ્વામી કહે ડરશો નહિ - મકાન નહિ પડે પણ તમે બ્રહ્મ હો તો આ તેજને સમાવી દો - સ્વામીથી બધા માત થઈ ગયા અને બોલ્યા 'તમે બ્રહ્મ ખરા.' - સ્વામી કહે અમે બ્રહ્મ તો ખરા પણ પરબ્રહ્મ સ્વામિનારાયણ છે. તેમનાં દર્શને ચાલો - સ્વામીના અલૌકિક પ્રતાપથી સૌ સ્વામીના શિષ્ય થઈ ગયા - સૌને ખાતરી થઈ કે સ્વામિનારાયણના ત્યાગીઓમાં પણ આવી દિવ્ય વિભૂતિ છે.

**૨. રંકમાંથી રાય (૩૭/૬૨)** શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજી મહારાજના પ્રસાદીના નારાયણ ધરે હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા - ઠંડીનો ચમકારો - સ્વામીને ખૂબ ઠંડી લાગી - તેથી તાપવાની ઇચ્છા - થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠો હતો - ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી - બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યા. ફકીરની દુઆ મેળવવાની ઈચ્છા - સ્વામી રાજી, હવે તેને લાકડાં, કાપવા નહિ પડે. સ્વામી મંદિરે પરત - આ કઠિયારો બાઉદ્દીન - તેની બહેન સાથે બજારમાં - નવાબની સવારી - બહેનનું રૂપ જોઈ નિકાહ પઢવાની ઈચ્છા - દરબારમાં બોલાવી વાત કરી - માની સંમતિથી બાઉદ્દીને નવાબ સાથે બહેનને પરણાવી - નવાબના ખાનગી કારભારી અને દીવાન બન્યા - સ્વામીના આર્શીવાદથી જ પોતાની ઉન્નતિ - તેનો ખ્યાલ - મંદિરે દર્શને આવતા - રસોઈ આપતા - સંતોની સેવા કરતા. સ્વામીની દૃષ્ટિથી રંકમાંથી રાય બન્યા.

**૩. આજ્ઞાધારક (૯/૨૩)** એક વખત મુક્તાનંદ સ્વામી સુરતમાં સભા ભરીને બેઠા હતા, ત્યારે એક હરિભક્તે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, 'મહારાજ અત્યારે ક્યાં બિરાજતા હશે ? કારણ કે મહારાજ માટે વાંસ, આદુ અને તીખાંનું અથાણું મોકલવાની મારે ઇચ્છા છે. આથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું હમણાં તો મહારાજના કાંઈ સમાચાર નથી. પણ ગઢડે હશે. મારે પણ 'સતીગીતા' નામનું પુસ્તક પ્રસાદીનું કરવા મોકલવું છે. મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી તરત જવા તૈયાર થયા. સાથે જોડમાં ગોદડિયા સંત શાંતાનંદ પરાણે જવા તૈયાર થયા. તે કહે 'તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ.' અથાણાંની ત્રણ બરણીઓ, 'સતીગીતા'નું પુસ્તક, એક સુંદર સાદડી અને બરફીની માટલી લઈ સ્વામી જવા તૈયાર થયા. સુરતના પ્રેમી હરિભક્તોએ પોતાના વતી મહારાજને ભેટવાની ભલામણ કરી. મહારાજને સંભારતા રાત દિવસ ચાલતા ચોથે દિવસે ઘેલા ને કાંઠે ઉતર્યા. દુકાળ હોવાથી મહારાજ છાના રહેતા. કોઈને મળતા નહિ. તપાસ કરતા નાજા જોગિયાએ ખબર આપી કે મહારાજ કારિયાણી પધારવાના છે. તમે ત્યાં પહોંચો સ્વામીએ કારિયાણી આવી મહારાજને સંદેશો મોકલ્યો. ગુણાતીતાનંદ સ્વામીનું નામ સાંભળતા જ મહારાજે તેમને હેતથી બોલાવ્યા. તે વખતે મહારાજ જમવાની તૈયારી કરતા હતા. ત્યારે સ્વામીએ બરફીને અથાણું મહારાજને ધર્યા. મહારાજે પ્રેમથી જમી સ્વામીને પ્રસાદી આપી. સ્વામી તો અનિમેષ દૃષ્ટિએ મહારાજની મૂર્તિનું સુખ લેતા થાકને ક્યાંય વિસરી ગયા. સુરતના હરિભક્તોનો સંદેશો આપ્યો એટલે મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠીને સ્વામીને બાથમાં લઈને મળ્યા. સ્વામી હરિભક્તોનાં નામ લેતા લેતા મહારાજને મળ્યા. આમ બાવીસ વાર ભેટ્યા. મહારાજ ને બહુ શ્રમના પડે તેથી સંભારવાનું બંધ કર્યું. સાથે આવેલા શાંતાનંદ મહારાજને મળવા નજીક આવ્યા ત્યારે મહારાજે કહ્યું 'તમે પરાણે આવ્યા છો તેથી નહિ ભેટીએ.' સ્વામીએ ભલામણ કરી, 'મારી સાથે બરણી ઉપાડી સેવા કરી છે માટે ભેટો તો સારું' ત્યારે સ્વામીની ઈચ્છાથી મહારાજ ભેટ્યા ખરા પણ બોલ્યા કે, 'સ્વામીને બાવીસ વખત મળતા કઠણ ન પડ્યું તેટલું એકવાર મળતાં કઠણ પડે છે. કારણ કે આજ્ઞા વગર આવ્યા છો.' એમ કહી આજ્ઞા પાલનનો મહિમા સમજાવ્યો.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જૂનાગઢ મંદિરમાંથી છેલ્લીવાર નીકળતી વખતે ગુણાતીતાનંદ સ્વામી દરવાજા સામું જોઈને શું બોલ્યા ?

જ. શ્રીજીમહારાજે મંદિર સોંપ્યું ત્યારથી આજ દિવસ સુધી ચાલીસ વર્ષ, ચાર માસ, અને ચાર દિવસ આ મંદિર સાચવ્યું ને રહ્યાં. (અથવા) હવે સત્સંગમાં ફરશું ને મહુવે જઈને રહીશું. (૫૦/૮૦)

૨. જૂનાગઢના મહંત બનાવી શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને શું આશીર્વાદ આપ્યા ? (૨૫/૪૩)

જ. જે જૂનાગઢ આવી તમારી અનુવૃત્તિ સાચવી સેવા કરશે તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાખશું.

૩. મૂળજી ભક્તે ગૃહત્યાગ શા માટે કર્યો ? (૫/૧૪)

જ. મહારાજે મૂળજી ભક્તને દર્શન દઈને કહ્યું, આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે, હવે ચાલી નીકળો. **અથવા** મહારાજની આજ્ઞા થતાં મૂળજી ભક્તે ગૃહત્યાગ કર્યો.

૪. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાનો લાડુ બીજા સાધુને શા માટે આપ્યો ? (૨૦/૩૬)

જ. મહારાજના દર્શન કરવા ઘોડી સાથે સ્વામી એકલા દોડી ન શકે તેથી બીજા સાધુને પોતાનો લાડુ આપી તૈયાર કર્યો.

૫. ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામી શું કહેતા ? (૨૯/૪૯)

જ. અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ.

૬. આત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીના પત્તરની પ્રસાદી શા માટે લીધી ? (૪૨/૬૮)

જ. આત્માનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીનો જેમ છે તેમ મહિમા સમજાયો તેથી પત્તરની પ્રસાદી લીધી.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

**૧. નાગરને નિઃસ્વાદી બનાવ્યા. (૩૮/૬૩)** જૂનાગઢના નાગરભક્તને રસાસ્વાદ બહુ હતો. તેથી ઘરમાં ઘણો ક્લેશ કરતા. ઘરના માણસોએ કંટાળીને સ્વામીને ફરિયાદ કરી. તેઓ મંદિરે આવે પરંતુ સભામાં બેસતા નહિ. એક દિવસ સ્વામીએ તેમને કથામાં બેસાડ્યા. સ્વામીની દૃષ્ટિથી જ તેના અંતરનાં કમાડ ખૂલી ગયાં ને સ્વામીની વાતોથી વિષયનાં શૈલ્ય નીકળવા લાગ્યાં. વાસુદેવ હરે થતાં સ્વામી ભંડારમાં જમવા પધાર્યા. નાગર હરિભક્ત પણ તેમની પાછળ ભંડારમાં ગયા અને વિચારવા લાગ્યા કે આવડા મોટા મંદિરના મહંત મેવા મિઠાઈઓ જમતા હશે. ભંડારી સાધુએ સ્વામીના પત્તરમાં ભૂકા જેવું પીરસ્યું તે જોઈને તેને થયું કે ચૂરમું હશે અને હવે ઘી અને ખાંડ આવશે પછી દૂધ જેવું પ્રવાહી જોતાં તેને થયું દૂધપાક હશે ! સ્વામી સંકલ્પ જાણી ગયા તેથી પત્તરમાં પાણી અને થોડું જીરું મીઠું નાંખ્યું. એ જોઈ તેનો ભ્રમ ભાંગી ગયો. સ્વામીએ કહ્યું, 'અમે તો રોટલાનો ખૂરમા અને છાશ જમીએ છીએ.' એ જોઈ તેને સ્વામીનો બહુ ગુણ આવ્યો ને વિચારમાં ને વિચારમાં ઘરે પહોંચી ચૂપચાપ જમી લીધું, એ દિવસથી તેને અંતર્દૃષ્ટિ થઈ ને તેનો રસાસ્વાદ નીકળી ગયો. **ભાવાર્થઃ-** સ્વામી નિઃસ્વાદી હતા તો નાગરને નિઃસ્વાદી કરી શક્યા. મોટાપુરુષના ગુણ જોઈએ તો આપણામાં પણ તેવા ગુણ આવે.

**૨. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી (૨૪/૪૧)** વરતાલ સૌ સંત-હરિભક્તોની સભામાં મહારાજે જુદા જુદા મંદિરના મહંતની નિમણૂક કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ભલામણ કરી કે જૂનાગઢ મુસલમાની રાજ્ય છે. નાગર અમલદારો દ્વેષી અને શિવપંથી છે. વળી દેશ નિર્ધન અને જાડો છે. માટે ત્યાં આગળ વિચારીને મહંત નીમજો. ત્યારબાદ ગઢડા ચૈત્રી પૂનમના સમૈયામાં જૂનાગઢથી સ્વામી આવ્યા હતા. આ પ્રસંગે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને અધૂરી વાત યાદ કરાવતાં કહ્યું 'આજે આપણે જૂનાગઢ મંદિરના મહંત નીમવા છે અને પોતાની કોટના બધા જ હાર સ્વામીને પહેરાવી બોલ્યા 'આ અમારા જૂનાગઢ મંદિરના મહંત.' સ્વામીએ આનાકાની કરી તો ગોપાળાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજે રાજી થઈને હાર આપ્યો છે તો રાખો.' પછી મહારાજે કહ્યું આ ગોપાળાનંદ સ્વામી તમારું કામ ચલાવશે અને અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામી પણ મદદમાં રહેશે એમ કહી મહારાજે પોતાનો સઘળો પોશાક આપ્યો અને સ્વામીના માથે પોતાની પાઘ મૂકી આશીર્વાદ આપ્યા. **ભાવાર્થ :-** મુસલમાની રાજ્ય, શિવપંથી નાગર અમલદારો અને જાડો દેશ આ બધા જ સંઘર્ષોને પાર કરી સત્સંગની વૃદ્ધિ કરી શકે તેવા એક સ્વામીશ્રી જ હતા. તેવી મહારાજે સૌને પ્રતિતી કરાવી.

**૩. સાધુ જમનારા સારા છે. (૧૧/૨૬)** ગઢડામાં અઢાર સદ્‌ગુરુઓને દરબારમાં જમવા બોલાવ્યા. સૌને ગોવાળ મંડળીની જેમ બેસાડી મહારાજે પીરસતાં પીરસતાં કહ્યું કે 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ સૌ જમતાં શીખો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મર્મમાં કહ્યું 'સાધુ જમનારા સારા છે' ત્યારે મહારાજે કહ્યું 'સ્વામી તમે સમજો છો તેમ નથી. કેમ જે એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે. અને જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન પેટમાં ભરે છે. વળી પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે નહિ તો અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે. મહારાજનો અભિપ્રાય જાણીને બ્રહ્માનંદ સ્વામીએ પણ સાખ પૂરી કે હા મહારાજ ! એ બહુ મોટા સાધુ છે. **ભાવાર્થઃ-** આમ પોતાના ઉત્તમ ભક્તનો મહિમા સૌને સમજાય એવા અવનવા પ્રસંગો મહારાજ ઉપસ્થિત કરતા હતા. આપણે સ્વામીની જેમ મહારાજની મૂર્તિનો જ સ્વાદ લેવો.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૩૫/૬૧) ૨. ૨, ૪ (૪૪/૭૧)

૩. ૧, ૩ (૪૬/૭૪) ૪. ૧, ૨, ૩ (૬/૧૮-૧૯)

❑ ❑ ❑